ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૪ જાન્યુઆરી, ૨૦૨૬

રિયાધ વિરુદ્ધ અબુ ધાબી: વિશ્વનો નકશો બદલી નાખવા સક્ષમ યુદ્ધ છેડાયું છે ત્યારે...

IMEC કોરિડોરથી માંડીને ઊર્જા સુરક્ષા સુધી, અખાતી ગઠબંધનનું પતન ભારત માટે છેલ્લા એક દાયકામાં ખડી થયેલી સૌથી મોટી કૂટનીતિક કસોટી છે

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

યમનના મુકલ્લા પોર્ટ પર 30 ડિસેમ્બર, 2025ના રોજ જે દ્રશ્યો સર્જાયા તેણે દાયકાઓ જૂની ઔપચારિક મિત્રતાના ભ્રમને બાળીને ખાખ કરી દીધાં છે. સાઉદી વાયુસેનાએ યુએઈ (UAE) ના શસ્ત્રોના જથ્થા પર બોમ્બમારો કરીને અખાતી સ્થિરતાના પાયારૂપ ગણાતા રિયાધ અને અબુ ધાબી વચ્ચેના ગઠબંધનમાં 'માળખાકીય ભંગાણ' (structural rupture) ખડું કર્યું. અત્યાર સુધી ચાલતી મુંગી હરીફાઈ હવે ખુલ્લા લશ્કરી સંઘર્ષમાં ફેરવાઈ ગઈ છે. આ કોઈ સામાન્ય રાજદ્વારી ખટરાગ નથી; આ મધ્ય પૂર્વની સત્તાનું મૂળભૂત પુનર્ગઠન છે, જેની પર આખી દુનિયાએ તો ધ્યાન આપવું જ પડશે પણ આપણી કેન્દ્ર સરકારે પણ આ મામલા પર ધ્યાન આપવું પડશે.

ભાઈઓમાં ભંગાણ

સાઉદી અરેબિયા અને યુએઈ આ પહેલાં ક્યારેય એકબીજાની સામે નથી થયા, તેમની વચ્ચે ક્યારેય કોઈ યુદ્ધ નથી થયું. એક સરખી સુન્ની (જો કે શિયા મુસલમાનો પણ ત્યાં છે જ પણ સુન્નીઓની પકડ વધારે છે) ઓળખ અને ભૌગોલિક નિકટતાથી બંધાયેલો આ સંબંધ 'ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ' (GCC)ની એકતાનો આધારસ્તંભ હતો. છતાં આજે એવી હાલત એ છે કે, સાઉદી જેટ્સ અમીરાતી લશ્કરી પુરવઠાને નિશાન બનાવી રહ્યા છે, અને સાઉદી-સમર્થિત 'પ્રેસિડેન્શિયલ લીડરશિપ કાઉન્સિલ' (PLC) એ યુએઈના દળોને 24 કલાકમાં યમન છોડવાનું અલ્ટીમેટમ આપ્યું છે.

અનુભવી વિશ્લેષકો અને જીઓપૉલિટિકલ ફેરફારોના નિરીક્ષકો આ આખી ઘટનાથી દંગ થઇ ગયા છે. આ ટકરાવ યમનમાં પ્રોક્સી (proxy) દળોને કારણે થયો છે, જ્યાં બંને રાષ્ટ્રોના એક સરખા દુશ્મન ઈરાન-સમર્થિત હૂથી બળવાખોરો છે. આ તો એવી વાત થઈ કે બે અગ્નિશામકો આગ ઓલવવાને બદલે એકબીજાને આગ લગાડવા માંડે. સાઉદી મંત્રાલયે યુએઈ પર 'અત્યંત ખતરનાક' વર્તણૂકનો આરોપ મૂક્યો, તો અબુ ધાબી માને છે કે સાઉદી અરેબિયાએ સાથી દેશ પર બોમ્બમારો કરીને સહયોગને બદલે વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કર્યો.

મુકલ્લામાં વિસ્ફોટ: શતરંજની બાજી કેમ પલટાઈ?

આ ઘટના પાછળની અકળામણને અને ટ્રીગરને સમજવા માટે નકશો સમજવો જરૂરી છે. આ સંઘર્ષનું કારણ 'સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ' (STC)એ હદરમૌત અને મહરા પ્રાંતો પર કબજો જમાવ્યો, જે યમનની અંદાજે 80% તેલ સંપત્તિ ધરાવે છે અને સાઉદી અરેબિયા સાથે 425 માઈલ લાંબી સરહદ શેર કરે છે. મુકલ્લાનું મહત્વ આગવું છે. તે અરબી સમુદ્રનું પ્રવેશદ્વાર છે, જે બાબ અલ-મન્ડેબ અને રાતા સમુદ્ર (Red Sea)ના સાંકડા માર્ગો (choke points)ને બાયપાસ કરીને દરિયા વાટે વેપારનો રસ્તો આપે છે.

દક્ષિણ યમનને સ્વતંત્ર દેશ બનાવવા માટે STCના પ્રયાસને ટેકો આપીને, પોતાની અતિશય લશ્કરી મહત્વકાંક્ષાઓને કારણે 'લિટલ સ્પાર્ટા' તરીકે ઓળખાતા અબુ ધાબીએ, ગલ્ફ દેશોમાં 'મોટા ભાઈ' ગણાતા સાઉદી અરેબિયાને સીધો પડકાર આપ્યો. તેણે સાઉદીની સમુદ્ર સુધીની પહોંચમાં અવરોધ નાખ્યા, તેને કાપવાનો પ્રયાસ કર્યો. કોલિશનના અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે 80થી વધુ લશ્કરી વાહનો લઈ જતી બે નૌકાઓ રિયાધને જાણ કર્યા વિના અમીરાતી સૈન્ય મથકોમાં મોકલાઈ હતી. રિયાધે લશ્કરી વાહનોના આ હસ્તાંતરણને ભૂલ તરીકે નહીં પણ જાણીજોઈને કરાયેલી વ્યૂહાત્મક ઘેરાબંધી તરીકે જોયું.

વિચારધારાનો સંઘર્ષ: મુત્સદ્દી વિરુદ્ધ રણનીતિકાર

સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) અને અમીરાતી રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ (MBZ) વચ્ચેની અંગત તિરાડ અસ્તિત્વ ટકાવી રાખવાની બે અલગ અલગ વ્યૂહરચના દર્શાવે છે:

1) સાઉદી મોડેલ (સત્તાનું કેન્દ્રિકરણ): યમનના કાદવમાં હાથ બગાડ્યા બાદ, MBS 'વિઝન 2030' માટે સરહદો સુરક્ષિત કરવા 'કાયદા આધારિત મુત્સદ્દીગીરી' અપનાવી રહ્યા છે. જોકે, આ કોઈ લિબરલ અભિગમ નથી પણ 'સાઉદી ફર્સ્ટ' સિદ્ધાંત છે, જે સંપૂર્ણ પ્રાદેશિક વર્ચસ્વની માંગ કરે છે અને કોઈ નાના ભાગીદારની દખલગીરી સાંખી લેવા તૈયાર નથી.

2) અમીરાતી મોડેલ (નેટવર્ક): MBZ 'હોબ્સિયન (Hobbesian) દ્રષ્ટિકોણ' અપનાવે છે, જે સુદાનના RSFથી લઈને સોમાલિયાના સોમાલીલેન્ડ સુધીના બિન-રાજકીય જૂથોને સશક્ત બનાવે છે. આ કારણે રાજ્ય બનાવવાની જવાબદારી લીધા વગર જ પોતાનો પ્રભાવ વધારી શકાય છે, જેને સાઉદી અરેબિયા પોતાની રાજ્ય-કેન્દ્રિત વ્યવસ્થા માટે પડકાર માને છે.

આર્થિક હરીફાઈ આ આગમાં ઘી હોમનારી સાબિત થાય છે. યુએઈને ઓપેક પ્લસ (OPEC+) માં ઉત્પાદન ક્વોટા તોડવા બદલ 'serial cheater'નું લેબલ મળ્યું છે. એ યુએઈ 'મધ્ય પૂર્વના સિંગાપોર'નો તાજ મેળવવા રિયાધ સાથે સ્પર્ધામાં ઉતર્યું છે. હવે એ લોકો ભાગીદાર નથી પણ એક જ લક્ષ્ય મેળવવા હોડમાં લાગેલા બે સ્પર્ધકો છે.

ત્રીજા વિશ્વયુદ્ધનું કારણ અહીં ખડું થશે? એમ થવાની શક્યતા નથી પણ એવું નહીં જ થાય એવું માની લેવું પણ મૂર્ખામી ગણાશે. સૌથી મોટું જોખમ પ્રાદેશિક વિભાજન છે.

1. પ્રોક્સી અરાજકતા: હૂથી-વિરોધી દળો અંદરોઅંદર લડી મરશે, જેનાથી ઉત્તર યમન ઈરાનને ભેટમાં મળી જશે.

2. 'અકળાયેલા રાષ્ટ્રોનું ગઠબંધન': વિશ્લેષકોનું માનવું છે કે યુએઈને અલગ કરવા સાઉદી અરેબિયા ઈજિપ્ત અને તુર્કીની નજીક જઈ શકે છે.

3. વૈશ્વિક સ્તરના ગુંગળામણના મુદ્દાઓ: રાતા સમુદ્રના કોરિડોરમાંથી 12% વૈશ્વિક વેપાર થાય છે. એ પ્રવેશદ્વાર એ કોરિડોર હવે દારૂગોળાનો ઢગલો બની ગયો છે. અહીં કંઈપણ ઊંચનીચ થશે તો તે ઊર્જાના ભાવમાં ભડકો કરશે જેના કારણે એવા આર્થિક આંચકા થશે કે કોઈ સેના તેને રોકી નહીં શકે.

ભારતે કયા મામલે વ્યૂહાત્મક રહેવાની જરૂર છે?

વાર્ષિક 162 અબજ ડોલરના અખાતી વેપાર અને આ પ્રદેશમાં વસતા 90 લાખ ભારતીયો સાથે, ભારત માટે આ અસ્તિત્વનો પ્રશ્ન છે. કેન્દ્ર સરકાર આ મામલે મૂક પ્રેક્ષક નહીં બની શકે.

1. IMEC ને અત્યારે વેન્ટિલેટર પર મૂકો (અને પ્લાન B શોધો): ઈન્ડિયા મિડલઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) મરણ પથારીએ છે. આ કોરિડોર સાઉદી-યુએઈના રેલવે જોડાણ પર આધારિત છે. જો આ બંન્ને વચ્ચે જ કંઇ ઠેકાણે ન હોય તો બંન્ને દેશો વચ્ચેની ટ્રેનો ચાલવાની નથી. આ તબક્કે ભારતે તાત્કાલિક ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર (INSTC) ને પુનર્જીવિત કરવો જોઈએ અથવા ઓમાન સુધીના સીધા દરિયાઈ માર્ગો શોધવા જોઈએ.

2. ઊર્જા સુરક્ષાનું રક્ષણ: બંને રાજધાનીઓ સાથે સક્રિય સંપર્ક સાધીને ઊર્જા કરારો સુરક્ષિત કરવા જરૂરી છે. આપણે એ ચોકસાઈ રાખવી જોઈએ કે તેલના આપણા પુરવઠાનો ઉપયોગ તેમના આંતરિક ઝઘડામાં હથિયાર તરીકે ન થાય. એ લોકો બાખડે અને આપણને ઈંધણ ન મળે એ તો પાડાને વાંકે પખાલીને ડામ જેવી હાલત થશે.

3. પ્રવાસી ભારતીયોની સુરક્ષા: MEA (વિદેશ મંત્રાલય)એ તાત્કાલિક કટોકટી પ્રોટોકોલ સ્થાપિત કરી દેવા જોઈએ. યુએઈમાં 35 લાખ અને સાઉદીમાં લાખો ભારતીયો છે આવામાં સંજોગો તંગ થાય તો આપણી પાસે ઈવેક્યુએશન પ્લાન હોવો જોઈએ.

4. વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવવી જોઈએ: આ સંજોગોમાં કોઈપણ એકનો પક્ષ લેવાનું દબાણ કરાશે તો આપણે તેનો પ્રતિકાર કરવો જોઈએ. ભારતે પોતાની જાતને બે દેશો વચ્ચેનો તણાવ ઘટાડવામાં મદદ કરનારા કડી કે સેતુ તરીકે પોતાનું સ્થાન બનાવવું જોઈએ. આપણે એવા દેશોમાંથી એક છીએ જે MBS અને MBZ બંને સાથે નિખાલસતાથી વાત કરી શકે તેમ છે.

5. સંરક્ષણ ભાગીદારીમાં સંતુલન: બંને સાથે નૌકાદળનો સહયોગ ચાલુ રાખવો જોઈએ, પરંતુ કોઈ એક પક્ષ તરફી દેખાવાનું ટાળવું જોઈએ.

...અનુસંધાન પાના નં. 4 પર

બાય ધી વે

હવે 'મોટા ભાઈ' આંખ આડા કાન કરવા તૈયાર નથી, અને 'લિટલ સ્પાર્ટા'ને હવે ઓર્ડર નથી લેવા, પણ સત્તા જોઇએ છે. વર્તમાન પરિસ્થિતિ બે શક્તિશાળી શિકારીઓ જેવી છે, એવા શિકારીઓ જે એક સમયે એક જ જંગલમાં શિકાર કરતા, જંગલમાં પોતાની મર્યાદાઓ સમજીને કામ કરતા પણ હવે તેમને શિકાર કરવા માટે આ જંગલ નાનું પડે છે. સાઉથ બ્લોક, સમજદારીપૂર્વક રસ્તો કાઢજો. ભલે બે ભાઈઓ ઝઘડી રહ્યા હોય, પરંતુ ભારતનું હિત એ સુનિશ્ચિત કરવામાં છે કે આપણે અંદર હોઈએ ત્યારે તેઓ ઘરને આગ ન લગાડી દે.

રાષ્ટ્રની કલ્પનામાં શરતનું ઉમેરણ એ રાષ્ટ્રના પતનનું કારણ બને!

નો નોનસેન્સ
રમેશ ઓઝા

શક્તિ પણ યથાસ્વરૂપ કાયમ રહેતી નથી. સમય બદલાય એટલે દબાયેલા લોકો માથું ઊંચકે. આવું પાકિસ્તાનમાં, બાંગ્લાદેશમાં શ્રીલંકામાં, મ્યાનમાર (બર્મા)માં અને જ્યાં જ્યાં શરતો લાદવામાં આવી રહી છે ત્યાં આવું બની રહ્યું છે

વાત બાંગ્લાદેશની કરવી છે, પણ એ પહેલાં પાકિસ્તાનની વાત કરવી જરૂરી છે, કારણ કે બાંગ્લાદેશ પાકિસ્તાનનાં વિભાજનનું પરિણામ છે અને પાકિસ્તાન ભારતનાં વિભાજનનું. અનુભવજન્ય સત્ય એ છે કે રાષ્ટ્રની કલ્પનામાં શરતો ઉમેરાય એટલે એ દેશનું પતન નિશ્ચિત સમજવું. પાકિસ્તાન અને પાકિસ્તાનની કોખમાંથી જન્મેલા બાંગ્લાદેશનો આ ઈતિહાસ છે. ભારત જ્યારે અવિભાજિત દેશ હતો ત્યારે અંગ્રેજો અને પશ્ચિમના લોકો પ્રશ્ન કરતા હતા કે અને ટોણો પણ મારતા હતા કે ભારત રાષ્ટ્ર કેવી રીતે બનશે એ કહો? ભારત કોનું રાષ્ટ્ર હશે અને એમાં મુસલમાનોનું, દલિતોનું અને અન્ય લઘુમતી કોમ તેમ જ હાંશિયામાં રહેલી પ્રજાનું સ્થાન ક્યાં હશે? કોંગ્રેસના નેતાઓ જવાબ આપતા હતા કે ભારત સહિયારું રાષ્ટ્ર હશે, કોંગ્રેસ સહિયારા રાષ્ટ્રની કલ્પનાનું અને તેમાં માનનારી ભારતીય પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે. જે લોકો કોંગ્રેસની સહિયારા રાષ્ટ્રની કલ્પનાનો અને તેના સહિયારા પ્રતિનિધિત્વના દાવાનો વિરોધ કરતા હતા તેમને અંગ્રેજો મદદ કરતા હતા.

મુસ્લિમ લીગ અને તેના નેતાઓએ દાવો કર્યો કે મુસ્લિમ હોવાપણું સ્વયં એક રાષ્ટ્રીયતા છે અને મુસ્લિમ લીગ એ રાષ્ટ્રીયતાની કલ્પનાનો અને ભારતનાં મુસલમાનોનું પ્રતિનિધિત્વ કરે છે. અંગ્રેજોને લીગના નેતાઓની વાત માફક આવતી હતી એટલે તેમણે લીગને મદદ કરી. 1947માં ભારતને આઝાદી મળી, બક્ષીસમાં નહીં, લડીને મેળવી પણ વિભાજન સાથે.

કસોટી હવે શરૂ થઈ. ભારત સામે કસોટી હતી સહિયારી રાષ્ટ્રીયતા વિકસાવવાની અને ટકાવી રાખવાની. પાકિસ્તાન સામે કસોટી હતી મુસ્લિમ રાષ્ટ્ર (દાવો કરવામાં આવતો હતો એમ જો હોય તો) આકાર આપવાની. પાકિસ્તાનની સ્થાપના સાથે જ ધર્મ ઝનૂનીઓ મેદાનમાં આવ્યા કે ઈસ્લામ ધર્મ વિના મુસ્લિમની કલ્પના જ કઈ રીતે થઈ શકે? આનો અર્થ એ થયો કે ઈસ્લામિક રાષ્ટ્ર એ જ મુસ્લિમ રાષ્ટ્ર. હિન્દુત્વ એ જ ભારતીયત્વ એમ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કહે છે એમ જ અને પછી શરતો આવવા લાગી. ગેર મુસલમાનોનું સ્થાન, સુન્ની બહુમતી દેશમાં શિયાઓ અને અહમદિયાનું સ્થાન, સ્ત્રીઓનું સ્થાન, અર્ધ મુસ્લિમ કબિલાઈ પ્રજાનું સ્થાન, શિક્ષણમાં ઈસ્લામ, હિન્દુ સંસ્કૃતિનો પ્રભાવ, ભારતીય સંસ્કૃતિનો સહિયારો વારસો, મુસલમાનોની અલાયદી ભાષા (પર્શિયન અરેબિક મિશ્રિત ઉર્દુ), પાકિસ્તાનમાં સ્થાનિક ભાષાઓનું સ્થાન, સેક્યુલરિઝમ, ઈસ્લામ પહેલાની સભ્યતા અને તેનો ઈતિહાસ વગેરે વગેરે. આજકાલ હિન્દુત્વવાદીઓ જે કરતા જોવા મળે છે એ બધું જ પાકિસ્તાનમાં શરૂ થયું.

24મી માર્ચ 1948ના રોજ મોહમ્મદ અલી ઝીણા પૂર્વ પાકિસ્તાનમાં ઢાકા યુનિવર્સિટીમાં ગયા અને ત્યાં તેમણે છાત્રો સમક્ષ ભાષણ કર્યું કે કોઈ પણ રાષ્ટ્ર માટે એક રાષ્ટ્રભાષા જરૂરી છે અને પાકિસ્તાનની રાષ્ટ્રભાષા ઉર્દૂ હશે. વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો અને સૂચવ્યું કે ઉર્દૂ અને બંગાળી બન્નેને એક સમાન રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવામાં આવે. ઝીણાએ ગુસ્સે થઈને કહ્યું નો, ઉર્દૂ એન્ડ ઓન્લી ઉર્દૂ. એ પછી એમની સામે જ તાજા અસ્તિત્વમાં આવેલા રાષ્ટ્રના રાષ્ટ્રપિતા સામે વિદ્યાર્થીઓએ બળવો કર્યો અને ઝીણાનો હુરિયો બોલાવ્યો. સ્વતંત્ર બાંગ્લાદેશની લડતનું નેતૃત્વ કરનારા મુજીબુર રહેમાને ઝીણાની સામે કરવામાં આવેલા દેખાવોનું નેતૃત્વ કર્યું હતું. પાકિસ્તાનના વિભાજનની અને તેના પતનની શરૂઆત તેની સ્થાપના સાથે જ થઈ ગઈ હતી, કારણ કે શરતો હતી. હિન્દુસ્તાન में રેહના હો તો... એમ જે હિન્દુત્વવાદીઓ કહે છે એમ પાકિસ્તાન में રહેના હો તો... અને પછી શરતોની વણઝાર.

પાકિસ્તાનનું વિભાજન અને પતન અનિવાર્ય હતાં અને એમ જ થયું, પણ બાંગ્લાદેશમાં પણ એ જ ઈતિહાસનું પુનરાવર્તન થયું. ફરી શરતો. એક શરત બંગાળી તરફીઓની હતી તો સામે બીજી શરત ઈસ્લામ તરફીઓની હતી. બાંગ્લાદેશ में રેહના હો તો... શરૂ થયું. ઈસ્લામ સર્વોપરી કે બંગાળી અસ્મિતા? બન્ને પોતાને અનુકુળ પ્રજાને ડરાવતા હતા બને પ્રકારના નેતાઓ એકબીજાનો છેદ ઉડાડતા હતા અને ડરાવવાનું રાજકારણ કરતા હતા. 1947થી પાકિસ્તાનમાં આ ચાલે છે અને 1971થી બાંગ્લાદેશમાં. શરૂઆતના બે દાયકા પછી શ્રીલંકામાં પણ બૌદ્ધ સિંહાલા બહુમતી પ્રજાએ શરતો લાદવા માંડી અને શ્રીલંકાના જે હાલ થયા એ તમે જાણો છો.

...અનુસંધાન પાના નં. 4 પર

સિલી પોઈંટ
સ્ટ્રાની